| **Headline:** NSE motivated MSME for listing on SME platform | |
|---|---|
| **Source:** Divya Bhaskar | **Date:** 17 January 2017 |

# NSE ઈમર્જ SME પ્લેટફોર્મ દ્વારા ભંડોળ મેળવવાMSMEને પ્રેર્યા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગુજરાત સરકાર-NSEના લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસોને એક્સેચન્જ પર લિસ્ટિંગ દ્વારા ફળદાયક મૂડીભંડોળ ઊભું કરવા NSEએ પ્રતિષ્ઠિત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં NSEએ MSME કન્વેન્શનમાં મોટી સંખ્યામાં એસએમઈને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. NSEના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ રવિ વારાણસીએ કહ્યું કે, એક્સચેન્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગથી SME ને તેમની વૃદ્ધિ માટે મૂડી ઊભી કરવા અને વિઝિબિલિટી, વ્યાવસાયિક વૃદ્ધિ, સંપત્તિનું સર્જન જેવા કેટલાંક લાભ પ્રદાન કરશે તથા વ્યૂહાત્મક ભાગીદારીઓ કરવાની સંભવિતતામાં મદદ કરશે. વૃદ્ધિને ટેકો આપવા ભારતીય અર્થતંત્રમાં એસએમઈ અને નેશનલ સ્ટોક એક્સચેન્જની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ પર એસએમઈની લિસ્ટિંગની સરળ પ્રક્રિયા સાથે લાયકાતોના માપદંડો વિશે જાણકારી આપી હતી.